# પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામનો નવા મહોલ્લાનો રસ્તો વિવાદમાં


(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

પ્રાંતિજ, તા.૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામે ગામની દક્ષિણ બાજુ આવેલા નવા મહોલ્લામાં રસ્તો બનાવવા સંદર્ભના પ્રશ્ને પંચાયત દ્વારા વહાલા-દવલાની નીતી અપનાવતાં આ રસ્તો વરસો પછી પણ પુનઃ ઝગડાના મૂળમાં પરિણમ્યો છે ને પંચાયતના સત્તાવાળાઓ કલેકટરના હુકમ-સૂચનાનો અમલ બાજુ પર રાખી એક તરફી ખોદકામને નુકસાન કરતાં નવા મહોલ્લાનો રસ્તો પુનઃ વિવાદાસ્પદ બનતાં હાલ કામ ખોરંભે પડયું છે.

નવા મહોલ્લાના ન્યાયની દાદવાળા લોકોનું કહેવું છે કે ન્યાયની દાદ હાઈકોર્ટમાં પેન્ડીંગ છે. કલેકટરની સૂચનાઓના પત્રનું ઉલ્લંઘન થઈ રહ્યાનું લોકો જણાવે છે ત્યારે માત્ર રાજકીય રંગમાં આ પ્રશ્ન ચગતાં કેટલાક સ્થાપિત હીતો, રાજકારણીયા લોકો પંચાયત સાથે ભળીને માત્ર એક જ લાઈનને અન્યાય કરી સાંસદો સહિતની બાબતોને ઘોળીને પી જઈને નિર્ણય લેતાં આ કામ ખોરંભે છે.

લોકો જણાવે છે કે સર્વે નંબર ૫૫૦ તથા ૫૪૯થી જે ઉત્તર દિશાએ જે ૧૧ જેટલી સનદો છે કલેકટરની સ્પષ્ટ સૂચના તથા માપ તથા બોર્ડર માપ પ્રમાણે આ રસ્તો સત્તાવાળાઓ નહી બનાવતા ખોટે ખોટી કનડગતો ઉભી થઈ છે. જિલ્લા-તાલુકાનું તંત્ર પંચાયત પર અંકુશ લાવી સાચા ન્યાયે રસ્તો બને, કયાંય સત્તાનો દુર ઉપયોગ ન થાય અને આચાર સંહિતાનું ધ્યાન રખાય એવું લોકો જણાવી રહ્યા છે.

## પ્રાંતિજ તાલુકામાં આચારસંહિતાના ભાગરૂપે બેનામી નાણાંની હેરાફેરી અટકાવવા સ્કોર્ડની બાજ નજર

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકામાં વિધાનસભા ચૂંટણીને અનુલક્ષીને પ્રાંતિજ-તલોદના નાયબ કલેક્ટર અને પ્રાન્ત ઓફિસર શ્રીમતી આશાબેન શાહે આચારસંહિતાનો ચૂસ્ત અમલ કરવા આદેશ કરતાં પ્રાંતિજ મામલતદારની ફલાઈંગ સ્કોર્ડ દ્વારા સતત દેખરેખ અને વાહનોની ચકાસણી તેમજ શકમંદ ગાડીઓની અવરજવરની તપાસ ચાલુ કરવામાં આવી છે.

વિધાનસભાની ચૂંટણીમાં તાજેતરમાં જ બે જગ્યાએ મોટી રકમની હેરાફેરી, મહેસાણા હિંમતનગર રોડ પાસે પકડાતા ફલાઈંગ સ્કોડ બેનામી નાણાંની હેરાફેરી અટકાવવા જુદા જુદા માર્ગો પર વોચ ગોઠવી બાજ નજર રાખી વાહન ચેકીંગ સહિતની કામગીરી શરૂ કરાતાં હેરાફેરી કરવા વારા હરકતમાં આવી ગયા છે. ઉપરાંત ક્યાંય કોઈ કરે નહી તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે.

# ડીસામાં નોરતાની પહેલી રાત ખેલૈયાઓ મન મુકીને ઝૂમ્યા

## ઠેર ઠેર માતાજીની મહાઆરતીના આયોજન : શહેર અંબામય બન્યું

ડીસા, તા. ૧૬

ડીસા શહેરમાં પ્રથમ નોરતામાં જ નવરાત્રિનો રંગ જામ્યો હતો. શહેરમાં ૧૦૦ કરતા વધુ જગ્યાએ યોજાયેલા ગરબામાં ખેલૈયાઓ મનમુકીને નાચ્યા હતા. ખેલૈયાઓ આનંદ ઉલ્લાસ અને શ્રદ્ધાના ભાવો સાથે નોરતાની પ્રથમ રાતને રઢીયાળી બનાવી દીધી હતી.

ડીસા શહેરમાં નવરાત્રીનો પ્રારંભ થતાં જ શક્તિ ઉપાસકોમાં શ્રદ્ધા અને આનંદની હેલી જોવા મળી રહી છે. તેમાંય મનમુકીને ગરબે રમવા માટે તલસતુ યુવાધન પ્રથમ નોરતાની રાતેજ ઘેલુ બન્યું હતું. શહેરમાં ૧૦૦ કરતા વધારે જગ્યા સેરીગરબા અને પાર્ટીપ્લોટના ગરબાનું આયોજન કરાયું છે. જ્યાં દરેક સ્થળે યુવાધને મા જગદંબાની ઉપાસના સાથે મોડી રાત સુધી રાસ ખેલ્યા હતા. નોરતાની પ્રથમ રાતે જ શહેરમાં નવરાત્રીની ઝાકમઝોળ છવાઈ જવા પામી હતી. નાના મોટા સૌ કોઈ લોકો ગરબે ઘુમવા અને નવરાત્રી પર્વને મ્હાલવા માટે આનંદ ઉલ્લાસ સાથે નિકળી પડ્યા હતા.


(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

નવરાત્રીમાં અસમાજીક તત્વોને સીધા દોર કરવા માટે પોલીસે પણ પેટ્રોલિંગ વધારી દીધુ છે. શહેરમાં આયોજીત ગરબાઓમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તે માટે પોલીસતંત્ર પણ બાજનજર રાખી રહ્યું છે. દરસાલની જેમ આવી પણ પોલીસલાઈન ખાતે માતાજીના ગરબા યોજાયા હતા જેમાં ડીસા ડીવાયએસપી વિજય પટેલ, શહેર પી.આઈ. આર.એમ. ભદોરીયા, સીપીઆઈ પાટીલ સહિત પોલીસ પરિવારે મા ભગવતીની આરતીનો લાભ લીધો હતો. આ સિવાય વિવિધ સ્થળોએ પણ ખેલૈયાઓ તેમજ આયોજકોની સુચારૂ વ્યવસ્થા અને લોકોના આનંદ ઉલ્લાસને લઈ સમગ્ર શહેરનું વાતાવરણ જગતજનની અંબામય બની રહ્યું હતું.

# ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે બે બાઈકો વચ્ચે અકસ્માતમાં બે ના મોત

સાબરકાંઠા, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના ભિલોડા તાલુકાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે બુધવારના રોજ બપોરે બે બાઈકો વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે બાઈકચાલકોના મોત નીપજ્યા હતા. આ અંગે ભિલોડા પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

બુધવારના રોજ બપોરના ૨.૩૦ વાગેના સુમારે ધોલવાણી ત્રણ રસ્તા પર બાઈક નંબર-જીજે-૯-સીબી-૮૮૨૯ અને જીજે-૯-એમ-૮૪૪૧ બે બાઈકો સામ સામે અથડાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બંને બાઈક ચાલકોને ગંભીર ઈજાઓ થતા તાત્કાલિક સારવાર અર્થે ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ખસેડાયા હતા. સારવાર દરમિયાન ભિલોડા કોટેજ હોસ્પિટલમાં ધોલવાણી ગામના ૩૧ વર્ષીય ઈશ્વરભાઈ કચરાભાઈ પટેલનું મોત નીપજ્યું હતું. જ્યારે ટાકાટુકા ગામના વધુ ગંભીર ઈજાગ્રસ્ત ૫૦ વર્ષીય ભુપતસિંહ ગમનસિંહ રાઠોડને હિંમતનગર ખસેડાયેલ હતો પરંતુ રસ્તામાં ભુપતસિંહ રાઠોડનું મોત નીપજ્યું હતું. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે હિંમતનગર સિવિલના ડોક્ટર વિપુલ જાનીએ જાણ કરતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી. આ અકસ્માત અંગે ભિલોડા પોલીસમથકે દલાભાઈ ખુમાભાઈ પટેલે ફરિયાદ નોંધાવી હતી.


(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

નવરાત્રી એટલે ઉલ્લાસનો અવસર, ગરબે ઘૂમવાનું અનોખુ પર્વ, ગુજરાતની ઓળખ સમાન નવરાત્રીનો પ્રારંભ આજ થઈ રહ્યો છે ત્યારે ખેડબ્રહ્માના અંબાજી મંદિરે પણ ગરબાની રમઝટનો પ્રારંભ થયો હતો.

# વિજયનગર ત્રણ રસ્તા પર વાહનની ટક્કરે બાળકનું મોત

વિજયનગર, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના વિજયનગર ત્રણ રસ્તા પર મંગળવારની સાંજના સુમારે અજાણી જીપે ભટેલા ગામના પાંચ વર્ષના બાળકને ટક્કર મારી નાસી ગયેલ જે બાળકનું મતો નીપજતા વિજયનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.

આ અંગેની વિગત આપતા વિજયનગર પોલીસમથકના પી.એસ.આઈ. પી.સી. ઝાલાએ જણાવેલ કે વિજયનગરના ભટેલા ગામના દેવાભાઈ દીતાજી રાવળ અને તેનો પાંચ વર્ષનો ભત્રીજો ગોવિંદ ધુળાજી રાવળ બંને મંગળવારના રોજ વિજયનગર કામ અર્થે આવ્યા હતા.

જે સાંજના ૫ વાગેના સુમારે વિજયનગર ત્રણ રસ્તા પર ઉભા હતા ત્યારે ભિલોડાથી ઈડર તરફ જતી અજાણી જીપના ચાલકે પાંચ વર્ષના ગોવિંદને ટક્કર મારી નાસી ગયેલ પરિણામે પાંચ વર્ષીય ગોવિંદ ફંગોળાઈને રોડ પર પટકાયો હતો. જેથી દેવાભાઈ રાવળે તુરંત ભત્રીજાને બાથમાં લઈને સારવાર માટે વિજયનગર આરોગ્ય કેન્દ્રમાં ગયેલો જ્યાં સારવાર દરમિયાન તેનુ મોત નીપજ્યું હતું. આ અંગે વિજયનગર પોલીસમથકે દેવાભાઈ દીતાજી રાવળે ફરિયાદ નોંધાવતા પોલીસે અજાણ્યા જીપ ચાલક વિરૂદ્ધ અકસ્માતનો ગુનો નોંધી જીપના નંબરની તપાસ કરી રહી છે.


શિહોરી ખાતે આવેલ સોનલ સોસાયટીમાં ખૈલાયોએએ રમઝટ બોલાવી હતી. ખૈલાયાઓએ મનમૂકીને ગરબાની રમઝટ માણી હતી. (તસવીર : રામજીભાઈ રાયગોર)

# તલોદ કોલેજનું ગૌરવ

તલોદ, તા. ૧૭

હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીનો ૨૪મો યુવક મહોત્સવ તાજેતરમાં રતનપુર મુકામે યોજાયો હતો. જેમાં માઈમ, સ્કીટ અને શીઘ્ર વક્તૃત્વ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી દ્વારા રતનપુર મુકામે ત્રણ દિવસ તાજેતરમાં યોજાયેલ યુવક મહોત્સવમાં તલોદ ખાતે આવેલી શેઠ એચ.પી. આર્ટસ એન્ડ ટી.એસ.એમ. કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાંથી માઈમમાં પ્રથમ ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓમાં મકવાણા મહેશ, લુહાર રઉફ, ઝાલા ધર્મેન્દ્રસિંહ, ઝાલા અજ્ઞયસિંહ, ઝાલા દિનેશસિંહ, રાવલ મનિષકુમાર સ્કીટમાં તૃતિય ક્રમમાં, મકવાણા મહેશ લુહાર રઉફ, દવે ભાવેશ, ઝાલા ધર્મેન્દ્રસિંહ, ઝાલા અજ્ઞયસિંહ, ઝાલા ભમ્મરસિંહ શીઘ્ર વક્તૃત્વમાં તૃતિયક્રમ પ્રજાપતિ જયે મેળવ્યો હતો. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમ મેળવનાર વિદ્યાર્થીઓને કોલેજના પ્રિન્સીપાલ ડો. જે.સી. પટેલ, સાંસ્કૃતિક કમિટી અને ડો. વીપી. ચૌહાણે અભિનંદન પાઠવ્યા હતા.


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ગુજરાત પરિવર્તન યાત્રા આજે ડીસા ખાતે પહોંચી હતી. ડીસામાં ગુજરાત પરિવર્તન યાત્રાનું સ્વાગત કરવા રિક્ષાઓની પાછળ કેશુભાઈ પટેલના ફોટા સાથેના બેનરો લગાવવામાં આવ્યા હતા.

# ચૂંટણીપંચ વેપારીઓને કરાતી કનડગત બંધ કરે તેવી ભાજપાના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમ રૂપાલાની માંગ

અમદાવાદ, તા.૧૭

ગુજરાતમાં ડિસેમ્બરમાં યોજાનારી ચૂંટણીના પૂર્વે ચૂંટણીપંચ દ્વારા વેપારીઓને કરાતી કનડગત અને વેપાર ઉદ્યોગને અવરોધવાની, નિરાશામાં ધકેલવાની થઈ રહેલી પ્રવૃત્તિને અટકાવવાની માંગ કરતા શ્રી રૂપાલાજીએ જણાવ્યું છે કે ગુજરાત રાજયના વેપારીઓ નવરાત્રી અને દિવાળીના તહેવારોમાં ખૂબ જ મોટા પ્રમાણમાં ધંધો કરતા હોય છે અને રોકડ રકમની હેરફેર કરતા હોય છે ત્યારે ચૂંટણીપંચની રૂ. ૨.૫ લાખ કરતા વધારે રકમ જો પકડાય તો તેને જમા લેવાનું જે કાર્ય થઈ રહ્યું છે તે વેપારીઓને ચૂંટણીપંચ તરફથી કરવામાં આવતી મોટી કનડગત છે. ચૂંટણીપંચે હજી ગુજરાતમાં ઉમેદવારી પત્રો ભરાયા નથી. ભેંસ ભાગોળે અને છાસ છાગોળે છે ત્યારે આ પ્રકારની જોહુકમી પ્રગતિશીલ ગુજરાત રાજયના વિકાસને રૂંધનારી છે તેમાં તાકીદે પરિવર્તન લાવવાની તેઓએ માંગ કરી છે.

ગુજરાત કૃષિ, સોના-ચાંદી તેમજ હિરાના વ્યવસાયમાં અન્ય રાજયોની સરખાણીમાં ખૂબ જ વિકસીત છે તેમજ ખૂબ જ મોટો ધંધો આ ક્ષેત્રમાં કરે છે. ગુજરાતના વેપારીઓ પ્રમાણિક પણે વેરો ભરવામાં પણ મોખરે રહેતા હોય છે. વળી, ગુજરાતમાં દિવાળીના તહેવારો ત્યારબાદ લગ્નગાળાની મોસમ ખીલતી હોય છે. સોના-ચાંદીના કાયદેસરના વેપારો પણ ભાવોની અસ્થિરતાને કારણે રોકડ વ્યવહારથી ચાલે છે. આ ઉપરાંત ખેડૂતોનો બજારો સાથેનો વ્યાપાર પણ રોકડેથી થતો હોય છે. જેનું કારણ અંતરીયાળ ગામો સુધી બેંકોની સગવડતા ઓછી છે. મોટા ભાગના વેપારીઓ હિસાબો દિવાળીના સમયમાં જ કરે છે. નવરાત્રિના શુભ મૂહુર્તમાં મકાનો ખરીદવા, મોટર ખરીદવા, ધનતેરસના શુભ મુહુર્તમાં સોના-ચાંદી ખરીદવાને ગુજરાતના લોકો અત્યંત શુભ અને ભાવનાત્મક માને છે. આ બધા જ વ્યવહારોમાં રોકડનો દબદબો હોય છે ત્યારે તેને કાળા નાણાં તરીકે જોવાનો ચૂંટણીપંચનો અભિગમ ખૂબ જ વહેલો છે. જે વેપારીઓને રાજકીય કાળા નાણાં સાથે નિસ્બત નથી તેની સાથે ચૂંટણીપંચનું વલણ એક પ્રકારનો આતંકી હુમલો છે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે ચૂંટણીપંચની આ પ્રકારની કનડગતને કારણે આંગડીયા વ્યવસાય સાથે સંકળાયેલા લોકોએ ૧૫ ઓકટોબરથી પોતાના ધંધા બંધ કરી દીધા છે. વેપારી આલમ લોકશાહીના મહાપર્વ ચૂંટણીના બહિષ્કારની વાતો ઉચ્ચારી રહી છે. ત્યારે ચૂંટણીપંચે લોકશાહી પ્રક્રિયાને વધુ જીવંત બનાવવા તરફ ધ્યાન આપવું જોઈએ અત્યાર સુધી જે નાણાં પકડાયા છે તે મોટા ભાગે વેપારીઓના છે. જે અખબારોના પાને સમાચાર તરીકે બહાર આવ્યું છે. આ પરિસ્થિતિમાં ચૂંટણી પંચે પોતાનું વલણ અને નીતિ ગુજરાતના વેપારીઓના હિતમાં તાકીદે બદલવી જોઈએ તેવી ઉગ્ર માંગણી કરવામાં આવી છે.

## પ્રાંતિજના દલપુર પાસેથી ૪ લાખની રોકડ પકડાઈ

પ્રાંતિજ, તા. ૧૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના દલપુર ગામ નજીકથી બુધવારના રોજ બપોરના સુમારે પ્રાંતિજ સર્વેલન્સ ટીમે સલાલના વેપારી સતીશચંદ્ર શાહની કાર નંબર-જીજે-૯-એમ-૯૮૭૯ ને અટકાવી તપાસ કરતા કારની સંબંધિત દસ્તાવેજો રજુ કરતા પુરાવા સાચા હોવાનું જણાતા ટીમે પંચનામું કરી રોકડ ૪ લાખની પરત કરી હતી.

ટચૂકડી જાહેર ખબર

**જોઈએ છે**

**જુ. એકાઉન્ટન્ટ-ઓન્લી ફીમેલ્સ**

ફ્રેશ, બિનઅનુભવી - B.Com., M.Com. ફીમેલ સ્ટુડન્ટ્સ / ઉમેદવાર કે જેઓ કરીયર ઓરીએન્ટેડ, ઓબિડીએન્ટ અને સ્ટ્રેઈટ ફોરવર્ડ હોય તેઓ સંપર્ક કરો.

મો. : ૯૮૨૫૫ ૫૧૪૫૫

**વાઘેલા ક્લિનીંગ**

સોફા સેટ, ચૈર, કાર શેમ્પુ, નવા જુના હોમ ઓફીસ સ્પેશ્યલ ક્લિનીંગ માટે

મો. : ૯૮૨૪૯ ૫૯૦૧૫

# ૧૪ થી ૧૮ નવેમ્બર ભાજપાના રાજયભરમાં સ્નેહમિલન કાર્યક્રમ

અમદાવાદ, તા.૧૭

ભાજપાના પ્રદેશ પ્રવકતા શ્રી આઈ.કે. જાડેજાએ જણાવ્યું છે કે તાજેતરમાં ભાજપાની કોબા ખાતે મળેલી પ્રદેશ બેઠકમાં ભાજપા દ્વારા આગામી દિવસોમાં હાથ ધરાનારા વિવિધ ચૂંટણીલક્ષી કાર્યક્રમો ઘડી કાઢવામાં આવ્યા હતા. આ કાર્યક્રમોમાં ગુજરાત ભારતીય જનતા પાર્ટીના તમામ મોરચાઓ સક્રિયતાથી રાજયમાં ઘરે ઘરે મતદારોના સંપર્કનું અભિયાન હાથ ધરી કોંગ્રેસ પાર્ટીને પાટામાંથી ઉખેડી નાખવા કમર કસશે.

તેઓએ કાર્યક્રમોની વિગતો આપતા જણાવ્યું હતું કે સમગ્ર રાજયમાં દિવાળી બાદ ભારતીય જનતા પાર્ટીના ૧૪ થી ૧૮ નવેમ્બર દરમિયાન સ્નેહમિલન કાર્યક્રમો વિધાનસભા બેઠકો દીઠ કરવામાં આવશે. આ સ્નેહમિલન કાર્યક્રમોમાં ભાજપાના પ્રદેશના આગેવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે.

તેઓએ જણાવ્યું છે કે ભારતીય જનતા પાર્ટીના વિવિધ મોરચાઓ ૩૦ ઓકટોબરથી ૬ નવેમ્બર સુધી વિસ્તારક તરીકે બુથોમાં જશે. મહિલા મોરચો શહેરી વિસ્તારોમાં વિસ્તારક તરીકે જશે. યુવા મોરચો ગ્રામ્ય વિસ્તારમાં વિસ્તારક તરીકે જશે. બક્ષીપંચ મોરચો, લઘુમતી મોરચો જુદા જુદા સમાજોની વચ્ચે જઈ વિસ્તારકોનું કાર્ય કરશે.

તેઓએ વધુમાં જણાવ્યું છે કે જે તે જિલ્લા અને મહાનગરના ૧૦૦ જેટલા કાર્યકરો ૧૦૦ કલાક ભાજપાની ગુજરાત સરકારની હકારાત્મક વિકાસલક્ષી બાબતો અને કોંગ્રેસના જુઠ્ઠાણા પ્રજા વચ્ચે જઈને ખુલ્લા પાડશે. સમગ્ર રાજયમાં કેન્દ્ર સરકાર દ્વારા રીટેઈલ શોપમાં વિદેશી સીધા મૂડીરોકાણના નિર્ણયના વિરોધમાં વેપારી મંડળોના સંમેલનો યોજવામાં આવશે.

તેઓએ અંતમાં જણાવ્યું છે કે વિધાનસભાની ૧૩ અને ૧૭ ડિસેમ્બરના રોજ ગુજરાતમાં યોજાનારી ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીના તમામ કાર્યકર્તાઓ પ્રચંડ વિજયના એક માત્ર લક્ષ્ય સાથે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી કોંગ્રેસને પછડાટ આપશે.


(તસવીર : જેણુભા વાઘેલા, પાટણ)

પાટણ ખાતે આવેલ લોર્ડ ક્રિષ્ના સ્કૂલમાં થોડા દિવસો પહેલા એક વિદ્યાર્થીનું અવસાન થયું હતું. એ અંગે મૃતક અજય બારોટના માતા-પિતાએ આજરોજ એક પત્રકાર પરિષદ યોજીને જણાવ્યું હતું કે મારા પુત્ર અજય બારોટનું અવસાન કુદરતી રીતે નહીં પરંતુ લોર્ડ ક્રિષ્ના સ્કૂલના વહીવટદારો દ્વારા શિક્ષા કરવાથી થયું છે કે નહીં તેથી તપાસ કરવા ઉગ્ર માંગ કરી હતી. મૃતકના વાલી દ્વારા જણાવાયું હતું કે, અમારી ગેરહાજરીમાં સ્કૂલના વટીવટદારોએ પી.એમ. રીપોર્ટ કરાવ્યો હતો. જેમાં અમારી સહી પણ નથી, તો આ લોકો કેવી રીતે અમારી સહી વગર પી.એમ. કરાવ્યું તે એક ચોંકાવનારો પ્રશ્ન છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે ધારવાડ હોસ્પિટલ સ્કૂલની નજીક હોવા છતાં મારા પુત્રને જનતા હોસ્પિટલ ખાતે કેમ લઈ જવામાં આવ્યો ? આ અંગેની તટસ્થ તપાસ થાય તેવું મૃતકના વાલીઓ જણાવી રહ્યા હતા.

**રક્તદાન મહાદાન**